BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# MSP - લઘુત્તમ ટેકાના ભાવ

**Karmur Kajal Hardasbhai**

**Shree P. N. Varotariya Mahila Commerce College, Bhatiya**

## સારાંશ

લઘુત્તમ ટેકાના ભાવ (MSP) એ ખરીફ અને રવિ ઋતુમાં ઉગાડવામાં આવતા પસંદગીના પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કરે છે. જેના દ્વારા ભારત સરકાર ખેડૂતોને લાભદાયી બને તેવા ભાવો જાહેર કરે છે. પ્રસ્તુત ભાવો, ખરીદી અને વેચાણ ભાવો કરતા અલગ જોવા મળે છે. સામાન્ય રીતે વાવણી/વાવેતરની મોસમ પહેલાં પ્રસ્તુત ભાવો જાહેર કરી દેવામાં આવે છે અને તે ભાવ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે છે. MSP નો મુખ્ય ઉદેશ્ય ખેડૂતોના પાકને નુકશાનથી બચાવી તેને આર્થિક નફો અપાવવાનો છે. આ ઉપરાંત દેશને સરકાર દ્વારા ખાદ્ય સુરક્ષા વધારવા અને અપાવવાનો પ્રયાસ પણ છે. વર્ષ 1960 ના દાયકા દરમિયાન કૃષિ જમીનની ઉત્પાદકતા વધારવાના ઉદ્દેશ્ય સાથે ટેકનોલોજી અપનાવવા માટે MSP ખેડૂતો માટે પ્રોત્સાહિત સાબિત થઈ હતી, જો કે વર્ષ 2000ના દાયકામાં તેને બજાર હસ્તક્ષેપ અને ખેડૂત આવક યોજના તરીકે જોવામાં આવી હતી. પ્રસ્તુત ટેકાના ભાવ અંગેની કિંમત નીતિની અસરકારકતા રાજ્યો અને તેની ઉત્પાદકતા વચ્ચે વ્યાપકપણે બદલાય રહી હોય છે. ખેડૂતોના જીવનમાં MSPના અસ્તિત્વને લીધે જાગૃતિ જોવા મળી રહી છે તેમજ MSP દ્વારા ખેડૂતોની આવકોમાં વધારો અને તેના પાકોને સતત વ્યાજબી ભાવો મળી રહે તેવા પ્રયાસો સરકાર દ્વારા હરહમેશા હાથ ધરવામાં આવે છે. તેવા વધુ કિસ્સોઓ પણ જોવા મળ્યા છે.

**ચાવીરૂપ શબ્દો** :- ભાવ, ખેડૂત, પાક, કિંમત, નીતિ, બજાર

## પ્રસ્તાવના

વર્ષ 1960ના દાયકામાં, ભારત દેશમાં 1966-67ના બિહાર દુષ્કાળ જેવી ખાદ્ય અછત જોવા મળી હતી, તે દાયકામાં ભારત દેશમાં હરિયાળી ક્રાંતિ અસ્તિત્વમાં આવી જેના મુખ્ય વર્ષો દરમિયાન ખાદ્યાન્ય માટે સરકારી ભાવ નીતિ સહિત અનેક કૃષિ નીતિની વ્યૂહરચનાઓ તૈયાર કરવામાં આવી હતી. પ્રસ્તુત કૃષિ અને ભાવ નીતિઓના મુખ્ય ઉદ્દેશ્ય કૃષિ જમીનની ઉત્પાદકતા વધારવી, ઉચ્ચ ઉપજ આપતી જાતોના કાર્યક્રમો કરવા અને વધુ પેદાશો મેળવવી, વધુ સારા સાધનો, ખાતરો વાપરવા વગેરે તમામ હેતુઓ, ઉદ્દેશ્યો અને ધ્યેયોને લીધે પાયાની બાબતો સામે આવી હતી. આથી કૃષિ ઉત્પાદકતા વધારવાના હેતુના એક ભાગરૂપે લઘુતમ ટેકાના ભાવ અંગેની જોગવાઈ કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં MSP, તેની સામાન્ય સમજ અને જુદા જુદા દાયકાઓ દરમિયાન MSP સંલગ્ન ભાવ અંગેની જોગવાઈઓનો અભ્યાસ હાથ ધરવામાં આવશે.

## હેતુઓ

- ✓ MSP - લઘુત્તમ ટેકાના ભાવ અંગેનો સંક્ષિપ્તમાં ઇતિહાસ તપાસવો.
- ✓ વર્ષ 2020-21 થી 2024-25 દરમિયાન ખરીફ પાક અને રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવોમાં આવેલ પરિવર્તનોનો અભ્યાસ કરવો.
- ✓ વર્ષ 2020-21 થી 2024-25 દરમિયાન ખરીફ પાક અને રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવોમાં વલણો તપાસવા.

## પરિકલ્પના

- વર્ષ 2020-21 થી 2024-25 દરમિયાન ખરીફ પાક અને રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવોમાં કોઇ સાર્થક તફાવત નહીં હોય.

## સંશોધન પદ્ધતિ

- ▪ પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો આધાર લઈ ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે.

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા

**Vijay M. Kumbhar (2011) Impact of MSP on Area Under Cultivation and Level of Production: A Study of Selected Crops in India**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ન્યૂનતમ ટેકાના ભાવ અંગેની નીતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જે ભારત દેશના મુખ્ય પાકો પર સાનુકૂળ આર્થિક અસર પહોંચાડે છે. પ્રસ્તુત અભ્યાસમાં એવી પૂર્વધારણાની તપાસ હાથ ધરવામાં આવે છે કે, MSP એ ખેતી હેઠળના વિસ્તાર અને પાકના ઉત્પાદન સાથે સકારાત્મકપણે જોડાયેલ છે. એવી પૂર્વધારણાનું પરીક્ષણ કરી એવું જાણવા મળે છે કે, દરેક મુખ્ય પાકના ઉત્પાદન અને તેના વાવેતર હેઠળના વિસ્તાર સાથે પ્રસ્તુત નીતિ ભાવ સંલગ્ન આંકડાઓ સાથે સબંધ ધરાવે છે.

**RakeshKumar Mahto (2023) Minimum Support Price and Its Effect on Area, Production and Productivity of Gram in India**

ભારત વિશ્વનો સૌથી મોટો ચણા ઉત્પાદક અને ગ્રાહક દેશ ગણવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય ચણા ઉત્પાદન વલણોનું વિશ્લેષણ કરવું, ટકાવારી ફેરફારોનો અભ્યાસ કરવો, ચણાના MSP ભાવોનો અભ્યાસ કરવો, વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતાનો વાર્ષિક વૃદ્ધિ દર તપાસવો સાથે સાથે MSP અને તેને અસર કરતા પરિબળો વચ્ચેના સંબંધની તપાસ હાથ ધરવી.

**Drishti IAS (2025) Minimum Support Price (MSP)**

ભારતના વડાપ્રધાનની આગેવાની હેઠળની આર્થિક બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યા બાદ સરકારે માર્કેટિંગ સીઝન 2020-21 માટે રવિ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)માં વધારો કર્યો હતો. રવિ પાક માટે MSP માં વધારો એ અખિલ ભારતીય ભારિત સરેરાશ ઉત્પાદન ખર્ચના ઓછામાં ઓછા 1.5 ગણા સ્તરે MSP નક્કી કરવાના સિદ્ધાંતને અનુરૂપ છે, જેની જાહેરાત કેન્દ્રીય બજેટ 2018-19માં કરવામાં આવી હતી. MSP એ એવો દર છે કે જેના પર સરકાર ખેડૂતો પાસેથી અનાજ ખરીદે છે. MSP ના વિચાર પાછળનું કારણ એ છે કે

તેમના પુરવઠામાં ફેરફાર, બજાર એકીકરણનો અભાવ અને માહિતીની અસમપ્રમાણતા જેવા પરિબળોને કારણે કૃષિ ઉત્પાદકતાની કિંમતની અસ્થિરતાનો સામનો કરવો છે. જેની સામે MSP એક આર્થિક સાધન માનવામાં આવે છે.

### MSP - **લઘુત્તમ ટેકાના ભાવ** : **ભારતના સંદર્ભમાં અભ્યાસ**

## સંક્ષિપ્તમાં ઇતિહાસ

- વર્ષ 1964 ના દાયકા દરમિયાન એલ. કે. ઝા સ્મિતિના નેતૃત્વ હેઠળ, ખાદ્યાન્ય કિંમતો પર અહેવાલ રજૂ કરવામાં આવ્યો અને તેના જણાવવામાં આવ્યું કે, દેશ માટે કૃષિ કિંમત નીતિનું આયોજન કરવું અને તેનો યોગ્ય અમલ કરવો જોઈએ. તે અંગે પ્રથમ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.
- વર્ષ 1965 ના દાયકા દરમિયાન કૃષિ ભાવ આયોગ (APC) ની સ્થાપના કરવામાં આવી હતી આ ઉપરાંત એમ
- એલ દાંતવાલાની સમિતિએ પોતાનો અહેવાલ રજૂ કરી ડાંગર માટે લઘુતમ ટેકાના ભાવોને સૂચવ્યા હતા.
- વર્ષ 1985 ના દાયકા દરમિયાન કૃષિ કિંમત આયોગનું પુનઃર્ગઠન કરી કૃષિ ખર્ચ અને કિંમતો માટેના આયોગની સ્થાપના કરવામાં આવી હતી. (CACP)
- વર્ષ 1980 ના દાયકા દરમિયાન એસ. આર. સેન સમિતિના નેતૃત્વ હેઠળ, કૃષિ ખર્ચનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 1990 ના દાયકા દરમિયાન સી. એચ. હનુમંત રાવના અહેવાલ અનુસાર, લઘુતમ ટેકાના ભાવો અંગેની બાબતો સ્પષ્ટ કરવામાં આવી હતી.
- વર્ષ 2015 દરમિયાન શાંતા કુમાર સમિતિના અહેવાલ અનુસાર, કઠોળ અને તેલીબિયાં માટે વધુ સારા ભાવ અંગેનું સમર્થન પૂરું પાડવામાં આવ્યું હતું. તેવી ભલામણ કરવામાં આવી હતી. જે આયાત સામે સ્પર્ધાત્મક MSP સૂચવે છે.
- વર્ષ 2018 દરમિયાન નાણામંત્રીએ જાહેરાત કરી હતી કે, ખરીફ પાક પર MSP ઉત્પાદન ખર્ચ કરતાં 50% વધુ રહેશે.
- વર્ષ 2020-21 દરમિયાન ભારતીય ખેડૂતોએ વિરોધ કરી, ખેડૂતોએ MSP ગેરંટીની માંગ કરી હતી.

## MSP એટલે શું?

- કેન્દ્ર સરકાર દ્વારા મિનિમમ સપોર્ટ પ્રાઈસ (MSP) જાહેર કરવામાં આવે છે.
- લઘુતમ ટેકાના ભાવ જે ખેડૂતોને તેમના પાક પર મળે છે. ભલે માર્કેટમાં પાકની કિંમત ઓછી હોય. તેના પાછળનું તર્ક એ છે કે માર્કેટમાં આવતા ઉતાર-ચઢાવથી ખેડૂતોના પાકો પર અસરના પડે. તેમને ન્યૂનતમ કિંમત મળી રહે.
- સરકાર દરેક પાકની સીઝન પહેલાં કમિશન ફોર એગ્રિકલ્ચર, કોસ્ટ એન્ડ પ્રાઈસીઝ (CACP) ની ભલામણો પર MSP નક્કી કરે છે.
- જો કોઈ પાકની વધુ વાવણી થઈ છે અને માર્કેટમાં એની કિંમત ઓછી થઈ હોય, ત્યારે MSP તેમના માટે ફિક્સ એશ્યોર્ડ પ્રાઈઝ પર કામ કરે છે. એ ખેડૂતોને બચાવતી વીમા પોલિસીની જેમ જ કામ કરે છે.
- ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને તેમજ કૃષિક્ષેત્રે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા સરકાર દ્વારા મુલ્યવાન પાકોમાં લઘુતમ ટેકાના ભાવો જાહેર કરવામાં આવે છે.
- લઘુત્તમ ટેકાના ભાવ અંગેની નીતિ પાછળના મુખ્ય ઉદ્દેશ્ય નીચે પ્રમાણે જોઈ શકાય છે. વધુ ઉત્પાદનના સંજોગોમાં ખેતપેદાશોના ભાવોને વધુ પડતા નીચા જતા અટકાવવા માટે. તેમજ વધુ ભાવ નીચા જાય તેવા સંજોગોમાં ખેડૂતોને આર્થિક રક્ષણની ખાત્રી આપવા માટે.

## મુખ્ય રૂપે કયા પાક પર MSP મળે છે?

- અનાજ, ઘઉં, જુવાર, બાજરી, મકાઇ, ચણા, તુવેર, મગ, અડદ, મસૂર, મગફળી, સરસવ, તલ, સોયાબીન, સૂરજમુખીના બી, કાળા તલ, શેરડી, કોપરું વગેરે.

## MSP માં સંકલિત પાક અને તેના વલણો

કેન્દ્ર સરકાર દર 6 મહિનામાં 22 પાકો માટે લઘુતમ ટેકાના ભાવ જાહેર કરે છે. જેમાં 13 ખરીફ પાકો અને 6 રવી પાકોનો સમાવેશ થાય છે. જેના ભાવો નીચે મુજબ કોષ્ટકમાં જોઈ શકાય છે.

| ખરીફ પાક | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ષ | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
| ડાંગર | 1868 | 1940 | 2040 | 2183 | 2300 |
| જુવાર | 2620 | 2738 | 2970 | 3180 | 3371 |
| રાગી | 3295 | 3377 | 3578 | 3846 | 4290 |
| બાજરી | 2150 | 2250 | 2350 | 2500 | 2625 |
| મકાઈ | 1850 | 1870 | 1962 | 2090 | 2225 |
| તુવેર | 6000 | 6300 | 6600 | 7000 | 7550 |
| મગ | 7196 | 7275 | 7755 | 8558 | 8682 |
| અડદ | 6000 | 6300 | 6600 | 6990 | 7400 |
| કપાસ | 5515 | 5726 | 6080 | 6620 | 7121 |
| મગફળી | 5275 | 5550 | 5850 | 6377 | 6783 |
| સૂર્યમુખીના બી | 5885 | 6015 | 6400 | 6760 | 7280 |
| સોયાબીન | 3880 | 3950 | 4300 | 4600 | 4892 |
| તલ | 6855 | 7307 | 7830 | 8635 | 9267 |

Source : Directorate of Economics and Statistics (DES), 2024-25

**અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટકમાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ 2020-21 થી 2024-25 દરમિયાન MSP અંતર્ગત ખરીફ પાકો ભાવો દર્શાવેલ છે. જેમાં ડાંગરના ભાવો વર્ષ 2020-21માં રૂ.1868 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.2300 થયા હતા. જુવારના ભાવો વર્ષ 2020-21માં રૂ.2620 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.3371 થયા હતા. રાગીના ભાવો વર્ષ 2020-21માં રૂ.3295 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.4290 થયા હતા. બાજરીના ભાવો વર્ષ 2020-21માં રૂ.2150 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.2625 થયા હતા. મકાઈના ભાવો વર્ષ 2020-21માં રૂ.1850 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.2225 થયા હતા. તુવેરના ભાવો વર્ષ 2020-21માં રૂ.6000 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.7550 થયા હતા. મગના ભાવો વર્ષ 2020-21માં રૂ.7196 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.8682 થયા હતા. અડદના ભાવો વર્ષ 2020-21માં રૂ.6000 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.7400 થયા હતા. કપાસના ભાવો વર્ષ 2020-21માં રૂ.5515 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.7121 થયા હતા. મગફળીના ભાવો વર્ષ 2020-21માં રૂ.5275 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.6783 થયા હતા. સૂર્યમુખીના બીના ભાવો વર્ષ 2020-21માં રૂ.5885 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.7280 થયા હતા. સોયાબીનના ભાવો વર્ષ 2020-21માં રૂ.3880 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.4892 થયા હતા. તલના ભાવો વર્ષ 2020-21માં રૂ.6855 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.9267 થયા હતા.

| **રવિ પાક** | | | | | |
|---|---|---|---|---|---|
| **વર્ષ** | **2020-21** | **2021-22** | **2022-23** | **2023-24** | **2024-25** |
| **ઘઉં** | **1975** | **2015** | **2125** | **2275** | **2425** |
| **જવ** | **1600** | **1635** | **1735** | **1850** | **1980** |
| **ચણા** | **5100** | **5230** | **5335** | **5440** | **5650** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **દાળ** | 5100 | 5500 | 6000 | 6425 | 6700 |
| **રાયડો** | 4650 | 5050 | 5450 | 5650 | 5950 |
| **કુસુમ** | 5327 | 5441 | 5650 | 5800 | 5940 |

Source : Directorate of Economics and Statistics (DES), 2024-25

**અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટકમાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ 2020-21 થી 2024-25 દરમિયાન MSP અંતર્ગત રવિ પાકો ભાવો દર્શાવેલ છે. જેમાં ઘઉંના ભાવો વર્ષ 2020-21માં રૂ.1975 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.2425 થયા હતા. જવના ભાવો વર્ષ 2020-21માં રૂ.1600 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.1980 થયા હતા. ચણાના ભાવો વર્ષ 2020-21માં રૂ.5100 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.5650 થયા હતા. દાળના ભાવો વર્ષ 2020-21માં રૂ.5100 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.6700 થયા હતા. રાયડાના ભાવો વર્ષ 2020-21માં રૂ.4650 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.5950 થયા હતા. કુસુમના ભાવો વર્ષ 2020-21માં રૂ.5327 હતા, તે વર્ષ 2024-25માં વધીને રૂ.5940 થયા હતા.

Ministry of agriculture & farmer welfare **દ્વારા વર્ષ** 2025-26 **દરમિયાન MSPના અમુક પાકોના ભાવોની જાહેરાત**

| **પાક** | **ભાવ (રૂમાં)** | **પાક** | **ભાવ (રૂમાં)** |
|---|---|---|---|
| **ઘઉં** | 2425 | **દાળ** | 6700 |
| **જવ** | 1980 | **રાયડો** | 5950 |
| **ચણા** | 5650 | **કુસુમ** | 5940 |

Source : Ministry of Agriculture Farmer Welfare, 2025-26

**અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટકમાં જણાવવામાં આવ્યું છે કે, MSPના વર્ષ 2025-26 દરમિયાન અમુક પાકોના ભાવોમાં ઘઉંના રૂ.2425, જવના રૂ.1980, ચણાના રૂ.5650, દાળના રૂ.6700, રાયડાના રૂ.5950 અને કુસુમના રૂ.5940 જાહેર કરવામાં આવ્યા હતા.

**પરિકલ્પના ચકાસણી**

- ✓ પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે, વર્ષ 2020-21 થી 2024-25 દરમિયાન ખરીફ પાક અને રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવોમાં તફાવત જોવા મળે છે. તેથી અહીં શૂન્ય પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે અને વૈકલ્પિક પરિકલ્પનાનો સ્વીકાર થાય છે.

**પડકારો**

**રાજ્ય રાજ્ય વચ્ચે અસમાનતા**

- ➢ વર્ષ 2021માં, પંજાબમાં 95% ડાંગર ઉત્પાદકોને MSPનો લાભ મળ્યો હતો, જ્યારે ઉત્તર પ્રદેશમાં ફક્ત 3.6% જ MSPનો લાભ મળ્યો હતો. જે રાજ્ય-રાજ્ય વચ્ચેની અસમાનતા સાબિત કરે છે.

**મર્યાદિત પાકમાં જ લાગુ**

- ➢ તમામ પાકોની દ્રષ્ટિએ વિચાર કરીએ તો મોટાભાગે ચોખા અને ઘઉં સુધી જ MSPનો લાભ મર્યાદિત જોવા મળ્યો છે.

**પર્યાવરણીય નુકસાન**

- ➢ તમામ પાકોની દ્રષ્ટિએ વિચાર કરીએ તો મોટાભાગે ચોખા અને ઘઉં સુધી જ MSPનો લાભ મર્યાદિત જોવા મળ્યો છે. જેના કારણે પાણીની અછત, જમીન બગાડ, પાણીનું પ્રદૂષણ વગેરે જોવા મળે છે.

### નાણાકીય બોજ

- વર્ષ 2023-24ના બજેટમાં, કુલ બજેટના 1/8 ભાગ માત્ર ખાદ્ય અને ખાતર સબસિડીનો જ ઉલ્લેખ જોવા મળ્યો હતો. MSP કોઈ પાક કે લાભની ગણતરી મર્યાદિત જોવા મળે છે.

### ફુગાવો

- MSP માં 1 ટકાના વધારા સાથે ફુગાવામાં લગભગ 15 પોઇન્ટનો વધારો અમુક સમય દરમિયાન જોવા મળે છે. જે બજાર પરિસ્થિતિને અસર કરે છે.

### આંતરરાષ્ટ્રીય ટીપણી

- WTO અનુસાર, ભારતે MSP ના માધ્યમ દ્વારા ટોચ મર્યાદા કરતા વધુ ભાવ આપ્યા છે. જે વ્યાપાર નીતિ પર વિપરીત અસર કરી, અન્ય વ્યાપાર ધંધાને અસર કરી શકે છે.

### તારણો

### ખરીફ પાકના સંદર્ભમાં તારણો

- ડાંગરના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 5.4 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- જુવારના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 6.0 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- રાગીના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 11.5 ટકાનો વધારો થયો હતો.
- બાજરીના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 5.0 ટકાનો વધારો થયો હતો.
- મકાઈના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 6.5 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- તુવેરના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 7.9 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

- મગના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 1.4 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- અડદના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 6.5 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- કપાસના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 7.6 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- મગફળીના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 6.4 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- સૂર્યમુખીના બીના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 7.7 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- સોયાબીનના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 6.3 ટકાનો વધારો થયો હતો.
- તલના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 7.3 ટકાનો વધારો થયો હતો.

**રવિ પાકના સંદર્ભમાં તારણો**

- ઘઉંના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 6.6 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- જવના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 7.0 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- ચણાના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 3.9 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- દાળના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 4.3 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- રાયડાના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 5.3 ટકાનો વધારો જોવા મળ્યો હતો.
- કુસુમના ભાવોમાં 2020-21 થી 2024-25 દરમિયાન 2.4 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

## સમાપન

આમ, લઘુતમ ટેકાના ભાવ જે ખેડૂતોને તેમના પાક પર મળે છે. ભલે માર્કેટમાં પાકની કિંમત ઓછી થઇ જાય આમ છતાં તેને આર્થિક રક્ષણ મળી રહે છે. તેના પાછળનું તર્ક એ છે કે માર્કેટમાં આવતા ઉતાર-ચઢાવથી ખેડૂતોના પાકો પર અસરના પડે અને તેને ન્યૂનતમ કિંમત મળી રહે. જે તેના ખર્ચાઓમા રાહત આપે છે તેમજ ભવિષ્યના ઉત્પાદન માટે પ્રોત્સાહન પૂરું પાડે છે.


### References

#### Research Papers

- Kumbhar, V. M. (2011) ***Impact of MSP on Area Under Cultivation and Level of Production: A Study of Selected Crops in India***
- Mahto, K. M. (2023) ***Minimum Support Price and Its Effect on Area, Production and Productivity of Gram in India***

#### Reports

- Drishti IAS - Minimum Support Price (MSP), 2025-26
- Directorate of Economics and Statistics (DES), 2024-25
- Ministry of Agriculture Farmer Welfare, 2025-26

#### Website

- *https://irade.org*
- *https://sansad.in*
- *https://eands.da.gov.in*
- *https://static.pib.gov.in*
- *https://www.drishtiias.com*
- *Munich Personal RePEc Archive*
- *https://mpra.ub.uni-muenchen.de*